૬૯૮૨ ॐ श्रीहरी.

रघुनाथ विजय.

નાટકનાં
ગાયનો.

જામનગર આર્ય નાટક કમ્પનીને માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર,

રા. વ. ભટ્ટ.

છપાવનાર કમ્પનીના માલીકો.

નકલ ૨૦૦૦

વડોદરા.

ધી "નૂતન વિલાસ" પ્રિન્ટિંગ પ્રેસ કં૦ લિ૦

તથા

અમદાવાદ

ધી "યુનીયન" પ્રિન્ટિંગ પ્રેસ કમ્પની લિમિટેડમાં છાપ્યું.

સને ૧૮૯૭

સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

કિંમત બે આના.

૬૯૫૨

શ્રી.

रघुनाथ विजय.

અંક ૧ લો.

૧

રઘુનાથ— હરીએ સંપતી સહુ હરી,
બાલ વયે માત તાત મરી ગયાં;
ભટકુ વન નેત્રમાં નિર ભરી,
કરૂણાનીધી તેં શું દયા ન કરી—હરીએ.
ગુલજારની ડાલી પરે ઝુલતાં,
મન મુદ ભરી સુખથી ફુલતાં;
વૃક્ષો ઉડાડીને વિહંગો પાડીને,
દોપશો કાહાડીને નજર તેં તારી ક્રૂર કરી;
શું દયાન ધરી.— હરીએ.

રઘુનાથ— ૨

ક્ષત્રીનાં મન ખરે નીશદીન મગન છે યુદ્ધ કરવાને,
કદી આ તન થાયે પતન ડરેના અંશ મરવાને;
શુરા રણ ધીર છેદે અરી શીર વીર પુત્રના છોડે ટેક,
વિજયી ઠરવા કીર્તિ વરવા ક્ષાત્ર કુલની ટેકજ એક;
શસ્ત્ર ધરીને યુદ્ધથી ફરીને જીવવા ચાહે જે બદનામ,
ધીઃક ધીઃક તેની લાજે જનુની ફીટ ફીટ થાયે સઘળે ઠામ—ક્ષત્રી.

૩

અજાજી—ફક્કડ વેશ ધારી અકડ થઇ ફરે તલવાર કટારાદી શસ્ત્રો ધરે,
અફીણી ગંજેડી તમાકુ સુંઘે પીને મદીરા ઉભા ઉભા ઉંઘે;
અમનચેનજો નિત મફતનું મળે લડત વાત સુણી તનગાત્રો ગળે
બડાઇ અતી બહાદુરીની કરે મ્હોના વાઘ મનના બીલાડા ખરે.

૪

રઘુનાથ—ધન ધન શૂરવીર તમ નીતિ પામો સંપતિ વામો વિપત્તી—ધન.
સજન સ્વરૂપ દીસો આપ મયાલુ પર ઉપકારી અતિ દીનદયાળુ;
શાતા દાતા છો વિખ્યાતા અમર કીર્ત્તિ જીતી--ધન.

૫

શિવાજી-- ચાલો વીર ધારી ધીર સર્વે આજ,
કરી શું દુશ્મનનો વિનાશ;
મા ભવાની થાશે સ્હાય,
વીરજન ખુશી થાઓ એકદમ;
તન મનમાં ધરી શૌર્ય પરમ.

સામંતો— ખુશી ખુશી થઇ અતિ કરીશું કીર્ત્તિ જગ છતી,
અરી તણી શક્તિ નથી કરે નજર ન અમ પ્રતિ;

શિવાજી— રંગ જંગ મહીં જમાવો વખ્ત ફરી ન આવે આવો,
શસ્ત્ર કર ધરો હો, શત્રુ શીર નજર કરો.

સર્વ-- શૂરા ધીરા શસ્ત્રો લઇ ચડોને મોખરે સહી,
ચાલો દોડો કરો નહી ગજાવો કીર્ત્તિ આર્યની;

૬

લક્ષ્મી-- આ શું વદો? છો પ્રિય પ્રાણ આ શું વદોરે?
મુજ ભાઇની દીઓને ભાળ પ્રાણ રેહેમ ધરોરે;
પડી પાયે દીન દારા કરગરી માગે પ્યારારે.
નથી મા બાપ એ બધું બાળ પ્રાણ રહેમ ધરોરે;
જોવું એનું મુખડું જ્યારે શાન્તિ વળે મને ત્યારેરે,
મારે હૈયે એ વીણ ઝાળ પ્રાણ પ્રાણ રેહેમ ધરોરે.

૭

ચંદ્રરાવ-- આ દગાતણી છે દુનીયા સહુ દગો દગો દેખાય,
નવ દગા વિના કોઇ ફાવે દુનીયામાંય;
માલ દગાથી, લાલ દગાથી,
રાજપરનુ લેવા દગો દગો દરશાય;
કોઇને તોડી, કોઇને ફોડી, નવ.
નાખું હું ગરદન મરડી દુશ્મન કેરૂં પલમાંય. નવ.

૮

સર્યુ-- વાહ ! શી શોભા સુખદાઇ ! શીત પવનની લ્હેરો પ્રસરે
જન મન જાય લોભાઇ. વાહં.
નિર્મલ ઝરણુ ગીરીથી વેહેછે પિયે પંથી કર સાહી,
અસ્તાચળ પર રવી જાયછે ચંદ્ર રહ્યો મલકાઇ. વાહ.
નિરખું હું આ સુંદર સરિતા ધરીને મન અધિરાઇ,
વાહ ! વાહ ! વિભુની બલીહારી ! રાચું સ્તવન શુભ ગાઇ. વાહ!

૯

રઘુનાથ-- નિરખું નયને આ નાર નવેલી,
લચક મચક ચટકાળી મતવાળી;
મદ વાળી એ રૂપાળી,
અલબેલી રસવેલી મનહર એ નાર ખીલી રહી અપાર-નિર.
ચંદ્રમુખી એ ચંદ્ર ભુલાવે.
અમૃત વારી તણી વરસાવેછે ધાર. -નિર.

૧૦

રઘુનાથ-માની મુજ મનમાં એ મૃગનયની મોહક મૂર્તિ મદભરી તરૂણી,
ક્ષાત્ર કુલની શાક્ષી પામી મદન રાગ અતિ કરેપજવણી -માની.
ભુરકી છાંટી ભાન ભૂલાવ્યો કયારે પાય પ્રેમા સવનમણી-માની.
સંયોગ સર્યુ તણો જો થાએ સફળ જન્મ થયો ધારૂં ધરણી-માની.

૧૧

સર્યુ--- નયનો સામે ખડી,
મોહન મૂરત અજબ સુરત મીઠડી. નયનો.
વદન વિશાળ ભાળી, ચક્ષુ રસાળ પ્યારી, ભવ્યકપાળ વારી,
વારી બલીહારી, પડી પડી પાય યાચું પ્રભુ એથી પ્રિતડી ન૦

૧૨

સર્યુ-- પરવશ કરીને ચિત્ત આ હરિને મલવું ન ફરીને વાહજી વાહ
દીન દાસી દર્શ તણી અતિ પ્યાસી,
રઘુનાથ-- પરાધીન મનલીન તમમાં સદા પરવશ.
સર્યુ-- આતો નવાઈ કરો શું ઠગાઇ,
ચતુરાઇ તમ સર્વ જણાઇ;

રઘુનાથ— પ્રેમ ઘેલી અલબેલી સત્વર જાવું,
સર્યુ— વાહઃ હમારા વાહઃ સુતારા છોડું ન કદા — પરવશ.

૧૩

રઘુનાથ— અસી કસી થઉ ખુશી ખુશી ધરી કરે હું થઉ બસ ખુશી,
વસી વસી તું હૃદયેવસી લડી જંગે હું થાઉં બસ ખુશી;
વિભુએ શક્તી આપી આજ કરીશ હું અરી તારાજ,
મદદ મોટી મળી મને ખરે હું થાઉં ખુશી.

૧૪

સંભાજી | છોકરાઓ | ચાલો રણધીર ધારી મન ધીર લઇ કમાનને તીર,
લડાઇના સહુ નીયમ સાચવી વખણાવોને વીરઃ
પટા કેરા હાથ કરીને હરો દુસ્મનનું હીર.
ધર્મ કર્મ છે ક્ષત્રી પુત્રનું હણવી સ્વદેશ પીડ,
વીર ભ્રાતા, પ્રખ્યાતા, વિખ્યાતા;
કુલદાતા, સોહાતા, છો અમીર.
સરદારી, સુખકારી, દુઃખહારી, નીધારી;
ધો સ્વદેશ માટે શીર.

૧૫

શીવાજી | સામંતો | શાણા શુરવીર ચાલો આજે મનમાં રાખી ધીર.
સ્વદેશ જઇને લડાઇ કેરી કરો તૈયારી વીર;
શોધી શોધીને શત્રુઓનાં છેદો સત્વર શીર,
આર્ય ધર્મનું રક્ષણ કરવા વાર ન કરો લગીર;
બળથી કળથી અહીંથી નીકળો થશે ભવાની સ્હાય,
બરછી ભાલા ખંજર બીછવા સાથે રાખો તીર.

૧૬

સીપાઈઓ—પિયોજી દારૂ ઓર તાડી નીશેકી લ્હેર મજેદારી,
તલપતો લગીહય બીડીકી, મરગઇ અમા કીડીકી;
ચલમમે ગાંજા તુંમ ભરદે, ગુડાકુ હુકેમે ધરદો,
કાફરકુ નહી છોડેંગે હમ, ન હુમે સેતાનોસે કમ;
જંગકા નામ યારો મતલો, મિઠાઇ મુમે તુમ ધરદો. — પિયો૦

૧૭

સર્યુ— પ્રિયતમ દર્શન દ્યોને ફરી,
ઝુરે અબળા ત્રેહભરી—પ્રિયતમ.

તજી માબાપે આપે તજી શું,
ક્યાં હું રહું જઇ હરી—પ્રિયતમ.
નિશદીન પીયુ પીયુ રટતાં જાયે,
વિનતીના ઉર ધરી—પ્રિયતમ.

૧૮

સર્યુ—
વિનય વચન વદી શાને મુકાવો માન, (૨)
પ્રેમ મંદીરનો માર્ગ બતાવી;
લલચાવી આ વાર.
શું મુખ બોલું ભેદ શ્યો બોલું,
તનનું મનનું ભૂલીગઇછું ભાન;
આનંદ ઓઘે નાહી રહીછું શું બોલું વધુ વાણ.
રઘુનાથ રઘુનાથ પ્રાણથી પ્યારા,
દોરી જીવનની છે હાથે તીહારે જાણ.—વિનય.

૧૯

રઘુનાથ—ધુતારી ધુર્ત્ત વિદ્યા ન ચલાવો અમથા,
કર્યો કેદ મોહ પાસ વદી વાણી આવી ખાસ—ધુર્ત.

સર્યુ— વાહ મતવાલા બનોછો શું કાલા,
જાણ્યા ભોળા ભાળા પિયો પ્રેમરસ પ્યાલા;
છો જીવન પ્રાણ મારા—ધુર્ત્ત.

અંક ૨ જો.

ચંદ્રરાવ— ૨૦

પાયમાલી કરૂં પૂર્ણ રઘુનાથની, તોજ આ કાય ધારી ધરાએ;
પલકમાં પાપીને પકડી પટકી દઉં, ત્યારે નીદ્રા લઉ સુખ સજ્જાએ.
વાહ સુણી એહની દાહ હ્રદયે બળે. માન એ પામે કયમ મારી સામે;
ક્રૂરક્રોધી હું વિરોધી મુજ શત્રુનો, કેર વરસાવું કુટીલાઇ કામે.
રખડતો જોઉ ફરી ગજપતિ બાળને, રાડ બોલાવી દઉં ઠામ ઠામે;
પાઇને ઝેર લઉં વેર એ દુષ્ટનું, હું છતાં જોર કયમ એનું જામે.
નામ નાબુદ કરૂં લક્ષ્મિના ભાઇનું, ત્યારે મુજ વૃત્તિઓ શાન્ત પામે.
લોહી પીવા અસી પ્યાસી થઇને રહી. તૃપ્ત તે થાય મનતો વીરામે.

૨૧

શિવાજી—આર્ય વીર ક્ષત્રી આજ યવન તણા દાસ દેખું,
કેસરી સિંહોના પુત્ર દાસ છે શિયાળ કેરા;

ગડ્ડ સમો ગરીબ આજ આર્યનો સમાજ થયો;
અવળી રીત જોઇ હાય અંગમાં ઉઠેછે લ્હાય.

૨૨

જયસિંહ—કરવું સત્ય તણું પાલન શીર માટે એ ક્ષત્રી મન
વચને આપે તન મન ધન, જાણો વીર તે પાવન;
લડે શત્રુને સંગ, મન આણી ઉમંગ,
જઇ મચાવે જંગ, રણે રાખે તે રંગ,
નમે વેરીને ન પાય, નિશ્ચે જાણો મનમાંય;
ખરો રાખો ચીતે ન્યાય, રીતી આર્યની કહેવાય,
ધરો ખેદ ન મન, તમે શિવાજી રાજન;
ક્ષત્રી વીરછે પાવન, વદું સત્ય વચન.

૨૩

શિવાજી—થા અહીંથી દૂર નીચતું, ઝટતું, હઠતું, શઠતું, અરે.
રઘુનાથ—નથી મુજ વર્તનમાં ખામી હું નથી જ લુણ હરામી,
અન્યાય કરો શિદ સ્વામી ઇશ્વરછે અંતર્યામી.
બધા— તું ઠર્યોછે કપટાચારી તેં લજવી માતા તારી.
કાળું મ્હો લઇ ઝટ તું જા ધીઃક ધીઃક છે લુણ હરામી.

૨૪

લક્ષ્મી—પતિ મારી અરજી સ્વીકારી લેજો મુજ બન્ધુ બચાવી;
એ બાળક દીન છે રક્ષા કરજો સદાય. (૩) પતિ
છો અનાથ કેરા નાથ કરગરી કહું વાર વાર—(૩)

૨૫

ચંદ્રરાવ—થઇ ખુશી અપાર આજ મને (૨) અતિશય મનમાં
છળને કપટ વડે આજ હું ફાવ્યો. (૨)
હૃદય ક્રૂર કરી વૈરીને નાંખ્યો તોડી કપટ વાત જોડી —ખુશી
બળતી લાહ્ય હવે શાન્ત થઇ મારી.
ધન ઘડી ધન પળ આજની જાણું ધાર્યું કાજ થયું આજ;
ખેલી દાવ ફાવ્યો બળવાખોર ઠરાવ્યો રઘુનાથને—
રખડાવ્યો—ખુશી.

૨૬

રઘુનાથ— ક્રૂરતાથી ઘાત કીધો વિધી તેં મારી સહી,
દીનનો તું કટ્ટો શત્રુ જાણ્યું મેં આજે સહી;
હું દગાથી હા ફસાયો વાત બોલું ક્યાં જઇ,

શું કરૂં હું જાઉં કયાં હું, સુખ ઘડી વહી ગઇ;
શું બતાવું જગતમાં હું, મુખ મારૂં હે હરિ,
રળવડયો હું, ટળવળ્યો હું, શાન્તિ સહુ મારી ગઇ.

૨૭

લક્ષ્મિ—સકળ સ્થળે શાન્તી કેવીસારી રહી છવાઇરે,
બલીહારી બલીહારી બલીહારીરે;
પુષ્પ સુગંધી લેવાને મધુકર સત્વર આવે ધાઇ —સકળ.
શોભે ભારી કૃતી સારી ન્યારી ન્યારીરે,
લીલા હરી કેરી નીરખીને નીત મન રહે મલકાઇ—સકળ.
સુંદર સ્વરથી પક્ષિઓ, કરે મધુર ગાન,
નાચે કુદે મોજમાં બની મદે મસ્તાન —શોભે.

૨૮

લક્ષ્મિ— પ્રીય બન્ધુ મારા (૨) હુંતો ઓવારણા લઉં પ્રેમે ત્હારા.
આવ વ્હાલા આનંદની આજ વરશી ધારા —પ્રીય
પ્રભુ દુઃખ કરે દુર ત્હારૂં એવી આશીષ નિત્યે ઉચારું.
રઘુનાથ— બ્હેની મારી, બ્હેની મારી, બ્હેની મારી, દરશ થયું ત્હારૂં
આવાર ખુશી અપાર.
લક્ષ્મી— આનંદે ઉમંગે ભેટું પ્યારા.— પ્રિય.

૨૯

લક્ષ્મી— વિભુજી કરશે સ્હાય સદા વીર તારી (૨)
વિજય થશે વ્હાલા તારો સદાએ આ દુનીયામાં વારૂ,
ચિરંજીવી રહી યશ મેળવતું, આશીશ એજછે મારી--વિભુ.
રઘુનાથ— ત્હારૂં વચન બ્હેની શીશ ચડાવી, સત્વર હું હવે જાઉં,
નામ દીપાવું નિજકુળ કેરૂં, આપો રજા બ્હેની મારી--વિભુ.

૩૦

સર્યુ--મારૂં મનડું બહુ મુઝાય મારો પ્રિય દગાબાજ ઠર્યો શું ?
સુણી વાત એ મને કંઇ ન ગમે હાય થયું શું—મારૂં.
જગતમાં એક શુર રઘુનાથ સત્ય જાણી,
મન કરમે વચને મેં લીધી પ્રેમ લ્હાણી;
કપટી ઠર્યો છે એહ લોક વદે વાણી,
હાણી થઇ છે અતી યુદ્ધ મહીંથી હાય ફર્યો શું--મારૂં.

સાક્ષી ન આપે મનડું વાતમાં એ મારૂં,
હું અકળાઇ બહુ મુઝાઇ હાય ? શું વિચારૂ;
વારૂ કેણી ગમે મનડું મારૂં વારૂં,
ધારૂં ધાર મને લ્હાયબળે હાય કરશું —મારૂં.

૩૧

સર્યું-- સ્વામીજી અરજ મારી કહેજો, મળતાં એ પ્યારા મોહનને,
સર્યુંથી નિઃશંક રહેજો --સ્વામી.
શૂર પૂર ઘોને દરશાવી દુસ્મનથી ડરવું ન કદાપિ
યસ પ્રકાશ વેગે કરજો —સ્વામી.

૩૨

ગોસાઇ--પ્રિય મારી (૨) મતી અતી શુદ્ધ મુજ પ્રત્યે જાણીમે ત્હારી,
શાણી વાણી પ્યારી, સાંભળી જીવન થયું સુખકારી--પ્રિય.
અતી શૂરતાથી હું તો જો. જગમાં વિજય કરૂં,
દુઃખ દળુ સુખ વરૂ, દુશ્મનને નાંખુ વિદારી --શાણી.

૩૩

ગોસાઈ— સુણી વચન સથ સ્વામિ તમારૂ થયું અતી મનડું શાન્ત મારૂં
સદુપદેશે કરીજ શાન્તી ભાગી હવે ચીત થઇજ ભ્રાંતિ;
નવીન આશા પ્રદીપ્ત થઇછે અંગે શૌર્યતા છવાઇ રહીછે,
હારૂંન હિંમત કરૂં વિજય હું સ્વતંત્ર થાવા મે ટેક ગ્રહીછે;
માતા ભવાની તણું વચન છે, સ્વજાતી સાથે કદીન લડજો
શત્રુની સંગે સ્વજાતી મારૂં તો હું વચન દેવી પાસ હારૂ

૩૪

રઘુનાથ—કરે અન્યા ભારી અતિજ યવનો આ અવનીમાં
વટાળે વીપ્રોને પકડી જકડીને પલકમાં;
રૂપાળી કન્યા જે ઉત્તમ કૂળની આર્ય જનની,
લજ્જા લુટે પાપી ભર નગરમાં શુન્ય તનની;
અરેરે આવ્યો છે કળીયુગ અતી કેર કરતો,
ખરે તે વ્યાપ્યોછે યવન કરવા પ્રાળ ભરતો;
નથી યોધ્ધો કોઇ નિજ ધર્મમાં શીશ ધરતો,
શીવાજી શૂરા તું કેમ નરમ થઇ આમ ડરતો.

૩૫

શિવાજી-સુણોને સર્વ ધીર દીલ્લી જવા તૈયારી છે,
સ્વદેશ માટે શીર આપો એવા છો વીર;
તમો સહુ સુધીર એ પુર્ણ ખાત્રી મારી છે,
ફિકર કરો ન કાંઇ મહારાજ દીલની માંહી;
સામંતો—છે શીર તમારે સાટ કંઇ કરો નહી ઉચાટ;
શિવાજી—ખુશી ખુશી અપાર થયો છું હું આવાર;

૩૬

નંદા— જાઓને જીવન જાઓને જીવન જાઓને,
જોયું જોયું મે હેત તમારૂં રે મને રડાવી મારી રે;
છોગાળા, છટેલા, વરણેલા, અલબેલા,
શું મશ્કરી કરી મલકાઓને —જાઓને.
વીંદુ— વાહ છોગાળી વાહ છણુકારી રૂપાળી લટ કાળીરે;
મદ ઘેલી, અલબેલી, છકેલી, નવેલી;
ઊરે આનંદ આનંદ લાવોને —જાઓને.

૩૭

સંભાજી—કેમ આમ કરોછો શોચ માત તમે મારા,
હું જઇશ તાતની સંગ કહું નિરધારી;
દીલ્લી જોવાની આજ્ઞા હોંસે માગું
તું આપ રજા પ્રીતેથી પાય તને લાગું
હું દુધ જનેતા તારૂં પ્રેમે ધાવ્યો
તો કેમ દુસ્મથી ડરૂં સીંહ સુત કહાવ્યો
દીલ્લી પતી કરશે કપટ તાતથી જ્યારે
આ અસીથી તેની છાતી ચીરીસ હું ત્યારે
નવ ડર કાંઇ મનમાં માત વાત સુણી મારી,
કરી પરાક્રમ માતા દૂધ દીપાવીશ તારી.

૩૮

રાણી— પૂત્ર પ્યારારે (૨) વચન આ તારાં સુણી થઇ રળીઆત,
ખરેખાત આજ પુરીશ કોડ તારારે —પૂત્ર પ્યારારે.
જઇને તુજ પીતાની સાથ નીરખવી વિદેશ વાટ,
શીખ આપુ રે (૨) પુત્ર પ્યારારે.

સંભાજી— આશીશ આપો માતુ મારી,
રાણી— રક્ષા કરશે દેવી તારી.
શ્રી ભવાનીરે (૨) પૂત્ર પ્યારારે.

૩૯

સંભાજી— નાનુ અંકુશ તદ્‌પીતે હસ્તીને નિજ વશ રાખશે બળ દાખશે.
દિપક નાનો હોય પણુ ત્રોડી તીમરને નાંખશે.
હોય નાનું વજ્ર પણુ ગિરી શીખરને ઝટ કાપશે. નાનું૦
અક્ષરો કો બે ફક્ત હરી નામના પળ જાપશે,
તો પાપ મોટાં કાપીને વિભૂ સ્થીરતા કરી સ્થાપશે.
મૂરખ મોટો જાડો પાડો તે ઉપર શું માપ છે ?
છે શકિત પર આધાર કહો એ વચન કોણુ ઉથાપશે. નાનું૦

૪૦

રાણી દાસીઓ—જય જય થાજો દુ:ખ દુર જાજો દુશ્મનનો થાજો વિનાશ,
પલ પલ પાલન પ્રભુજી કરશે આશા પુરે શ્રી અવીનાશ.
તન મન શાંત્તિ પ્રતિદિન કાન્તિ, વાધે જયમ જયમ સુદનો ચંદ.
સ્હાય તમોને માત ભવાની તન મન ધન દે આનંદ,
નિશદીન મનમાં શાંત્તિ પ્રસારે યશ દશ દીશ વિભુ વિસ્તારે.
આનંદ આનંદ સઘળે વ્યાપે. સુખી સુખીઆ થાજો ભારે-
શુભ દીન છે, મન લીન છે, તન ભિન્નછે જય જય૦
સમરમાં પડી શુરવીર તમે કહાવજો,
સનમુખે લડી કુળને દીપાવજો
માનું શુભ ઘડી વીજઇ થઇને આવજો,
સ્વદેશને સ્વતંત્ર કરવા મન ચહો.

અંક ૩ જો.

શિવાજી— ૪૧

હરી હરી સ્યો આ ઉતપાત, ભરત ભુમાં થાયછે ગૌદ્રીજ કેરી ઘાત–હરી૦
ક્રૂરતા કરી શું આવી, આર્યપરે આજ, કોપ તારો દીસેછે પ્રચંડ ખરેખાત
આર્ય લક્ષ્મિ આમ શું લુંટાઇને ઝુટાઇ, હર હર હદ થઈ હવે થા સ્હાય
જગ્નાત.

સંભાજી—　　　　　૪૨

જઇ દુશ્મનને હું એ હાલ કરૂં, દુષ્ટે બહુ જુલમ કર્યો અપાર લગાર નહી વિચાર.

પાછા ફરો ખુબ લડો ચંડાલને પુરા કરો, દેવી ભવાની સ્હાય આપણે થશે જો આજ,

નહીં ડરો નહીં ડરો યવનોને ઠાર કરો, પિતા માનો મારૂં કહ્યું કરગરી લાગું પાય.

૪૩

નાયકાઓ—તનનનન તાધુમ તના ધુમ તનુમ,
છનનનન છુમ છુન છુમ છન છુમ;
છના છુમ છના છુમ છના છુમ છના છુમ.—તનન
કીડકીડધા કીડકીડધા ધા ધાધાની ધાની,
ધાકીડ ધાધા તાધુમ તાનાધુંમ તાનાધુમ.—તનુમ.
ના દર દર દર સનનન ગાઓ બજાવો,
સાની સાનીધ ધની ધની પ પમ પમ ગ મગ મગરે,
ગરે ગરેસા સનનનન રૂમ ઝુમ ઝુમ,
ઝુમ ઝુમ ઝનનનન ઝુમ ઝુમ ઝુમ ઝુમ;
ઝુમ ઝનુમ તનનન.

૪૪

જસવંતસિંહ—નીચ કૃત્યનો બદલો દેશે તુજને આજે આ તલવાર,
રાય હમારો કેદ કર્યો પણ ખબર લઇશ તારી આવાર,
પ્રસ્યો નાથ પાપીની જાજે ક્રૂર શાહ થાજે તૈયાર;
ધીક ધીક તુજ નીચ કૃત્યને મારી માર કરીશું યાર.

૪૫

રઘુનાથ—　　કટાર લઇ પસવાર માંહી ઠાર કરૂં આવાર
થાઇ જવાળ અપરંપાર પોંહોચાડું શત્રુ જમદ્વાર.
કપટ કર્યું અપાર મનમાંહી રાખી ખાર,
મારી ફોડી તોડી નાખું શાહ તને નીર્ધાર;
નાદાનોને વીશપાત કરાવું શક નહી લગાર—કટાર.

૪૬

શિવાજી—ખટપટ શાહ આતેં કરી રે દગો તેં કર્યો ના ડર્યો તું જરી,

કપટ તણી તે જાળ બીછાવી આજ ગયો ફાવી;
બ્હાર થકી બહુ સ્નેહ બતાવી મન ક્રૂરતા લાવી.
મારીને તોડીને ફોડીને તારૂં હું નાખીશ શિર રગડી-ખટ

૪૭

રઘુનાથ-- દેવ સમા સ્વામી મારાની સેવા સત્ય કરૂં છું,
વચને તેને શિર આપવા જગમાં બહુ રખડું છું;
પ્રસન્ન તે થાશે ત્યારે વૃત્ત પૂરૂં થાશે.

૪૮

શિવાજી— સ્વામી સુણો કહું વાત અંતરની,
સાંભળજો મન શાંતિ ધરીને,
શૂરો ધીરો એક સીંહ સમોમે;
ખોયો છે અવિચાર કરીને,
રણ વિરો રઘુનાથ કહાવે;
ઘડી ઘડી પલ પલ યાદ તે આવે,
હાય હીરો અણુ મુલ્ય ગુમાવ્યો;
મળે નહી હવે તેહ ફરીને.— સ્વામી.

૪૯

શિવાજી } શાણા શૂરવીર ચાલો આજે મનમાં રાખી ધીર,
સંભાજી } સજ્જ થઇને લડાઇ કેરી કરો તૈયારી વીર;
અન્નાજી } શોધી શોધીને શત્રુઓનાં છેદો સત્વર શીર,
આર્ય ધર્મનું રક્ષણ કરવા વાર ન કરો લગીર;
બળથી કળથી અહીંથી નીકળો થશે ભવાની સ્હાય,
બરછી ભાલા ખંજર બીછવા સાથે રાખો તીર.

૫૦

શિવાજી--ઉપકાર થયો તારો ભારી ધન્ય સીતાપતિ હીમત તારી,
હણી શત્રુ હદ તેં વાળી— ઉપકાર.
નહી વિસારૂં તુજને હું પ્યારા આવ ભેટ બંધુ મારા,
હું રૂણદાર થયો છું તારો શું આપું બદલો વાળી.—ઉપકાર.

૫૧

રઘુનાથ— કોઇ દુઃખી દીલનું દુઃખ શું જાણે,
પાપીજન મોજ મજામાણે

નવ ન્યાય ખરો કો મન આણે,
સહુ સ્વામી મુજને પરમાણે;
છું સેવક આપ તણો સ્વામી,
ફરો દોષ ક્ષમા કહું શિરનામી;
થઉં પવિત્ર પ્રભુ સેવા પામિ,
રહું શુદ્ધ ચિત્તે દુઃખ સહુ વામી;
નથી સીતાપતિ હું તો સ્વામી,
રઘુનાથ હું છું કહું શિરનામી.

૫૨

શિવાજી-- અરે હાંરે મેતો સાહસ કર્મ કર્યું,
સ્વહસ્તે દુઃખ વોર્યું.-- અરે.
કોઇના કહેવા થકી અવિચારી થઇ પગલું ભર્યું,
નિર્દોષીને શિર આળ દઇ પસ્તાવવું મુજને પડયું---અરે.

૫૩

શિવાજી } ચાલો ચાલો ચાલોજી સઘે જઇએ આજ સ્વદેશે,
રઘુનાથ } મનમાં મગન અતી થઇ થઇ.— ચાલો.
તાનાજી } આજ વિપતનું વાદળ વિખર્યું દેવીનું સ્મરણ શુભ કરીકરી-ચા.

૫૪

ચંદ્રરાવ—હાય જખમ કારી કીધો ખરેખાત,
સંતાપ થાય મુજને જાણીને એ વાત;
એ કૃત્ય કરનારો હશે કમજાત લજાવી હશે તેણે પોતાની માત.
હું ડરૂં ન મનથી જાણોને વાત કરો રાજાજી સ્વહસ્તેથી ઘાત.

૫૫

લક્ષ્મી-- કર્યો ભવ મારો દુઃખીઆરો રે પ્રિયપતિ,
હવે કેમ જશે જન્મારો રે પ્રિય પતી;
દોષ તમારો કર્યો નથી મેં કરો શા માટે કોપ,
દયા કરી ના દીન ઉપરે થયા શું આમ અકોપ રે પ્રિયપતી.
મ્હેલ હવે આ જેલસરીખા દીસેછે દુઃખ રૂપ,
નાથજી શું નમેરા થઇને નાખી ગયા ભવ કૂપરે-પ્રિયપતી

રઘુનાથ--

૫૬

એની મારી ધીરજ ધારી રહેતું વ્હાલી,

ચીત મહી ધર ધીરતા સરળતા દેનતું વિસારી;
જો દીસે વિચારી.
નિશદીન પ્રભુનુ નામ ભજીને રહેતું મન વૃત્તિને મારી.

લક્ષ્મી— ભાઇ ભાઇ તારી શાને મતી થઇ આવી.
શું કામ આમ અવિચારથી વદતું;
થાયે મારૂં તનડું જરજર સતિથવા મેં વાત વિચારી,
ફીકર સર્વે આ જગની છોડી પતી સંગે થાઉં સુખીઆરી એની

૫૭

સર્યુ-- આશી ગતી થઇ હે હરી માહેરી આશી.
અજ્ઞાને હું બાળ સુખમાં રહી તે કાળ,
ન જાણ્યું પ્રિતી બાંધતાં બુરા થશે હવાલ;
સમજી હવે સહી આશી.
પ્રિત પ્રિતમથી બાંધી દીધું તેને દેહનું દાન નીદાન,
ખોઇ શુધ્ધ શાન, બની બે ભાન, હરી અજ્ઞાન, અને નાદાન;
આજ્ઞા પૂજ્ય પિતા તણી પાળી શકી નહી. આશી.
પ્રેમ માર્ગમાં પેસતાં શી વીટંબના હોય,
પ્રેમિ જન તે જાણુશે અવર ન જાણે કોય;
કહું વાત ક્યાં જઇ આશી.

૫૮

જનાર્દન— પુત્રી છોડી ગઇ તું મુજને દયા ન તુજને દુ:ખવૃધને,
હાય લાહ્ય ઉઠે તનમાં રે મળે કયાં તું હવે શોધતાં રે;
જાણ્યુ તુજ વિણ જીવન વૃથા રે દયા ન તુજને.

૫૯

સર્યુ— શુન્ય સર્વે આ જગત દીસે શાન્તિ સુખ કંઇ છે નહીં,
ઝેર સમાન છે જીવન મારૂં હાય નીરાશ હવે થઇ. શુન્ય.
અંધારૂં ચોપાસ દેખું માયાજાળ ફરી વળી;
વસી હૃદય મમ પ્રિતમ મુર્તી ચિત્તવૃત્તિ તેમાં રહી શુન્ય.
ઓ વ્હાલી મુજ તારણી માતા વિદીત છે તુજને બધું;
મળજો પ્હેલા ભવે રઘુપતી અન્ય ઇચ્છા કંઇ છે નહી. શુન્ય.

૬૦

જનાર્દન સચુ ગોકર્ણ રઘુનાથ ભીમજી	ગોવિંદ તણા ગુણ ગાઓ, પ્રિતિથકી, નીતિથકી, રીતિથકી, ચિતથકી, ગોવિંદ આનંદ અંગે, અતિ ઉમંગે, મલીને સંગે, રસીક રંગે; જય જય જગત્રાતા, ઓ પિતુ માતા, ત્રિભુવન વિખ્યાતા, હે સુખ દાતા. ગોવિંદ.

૬૧

સાહેલીઓ—રૂપાળી કોયલ જેવી સુંદર કેવી શોભે સાહેલી,
કુબજો સજીવન શું થઇને આવી;
૨ જી લવારો કર નહી લૂચ્ચી બીલાડી,
૧ લી દેખાવે ડાકણની નાની;
૨ જી ચુપ ભુંડણ દીવાની
૧ લી છું તારા માથાની,
૨ જી છટેલ આવી જાતું છકેલી.

૬૨

સચુ **શાહેલીઓ**-	આવો આવોને રમીએ રાસ સહુ સંગે મળીને, અતી આણીને મન ઉલ્લાસ સહુ સંગે મળીને,

આપો આપો પરસ્પર તાળ, સહુ
તમે ચાલો ઠમકતી ચાલ, સહુ
વાગે વાગે રંગીલાં સાજ. સહુ.
અતિ આનંદનો દીન આજ, સહુ.
નવ ચુકો તમે કોઇ તાન સહુ.
જેથી વાધે જગતમાં માન, સહુ.

૬૩

રઘુનાથ—મળી મળી મને આજે વ્હાલી મારી,
વાણી તારી છે રસાળી વદન ભાળી
પ્રિયમારી આહા હા હા હા હા હા મળી.
સચું— શરમાઓ, શું લજાવો પ્રિય આવો, લ્યો લાવો.
રઘુનાથ— મનભાવો, રતી પ્રિયામારી—મળી મળી.

૬૪

સ્રિયો—મળી માનુની મંગળ ગાઓરે આનંદનો દીન આજતણો,
તમો લીઓ લાખેણો લાવોરે;

સુખ શાન્તિ સઘળે રહી છાઇ,
વિભુનો મહીમા ચિત આહોરે--આનંદ
સર્વું સુખડાં અતિશય માણે,
વરકન્યા પુષ્પે વધાવોરે—આનંદ.

૬૫

સર્વપાત્રો--આપો પ્રભુ સુમતી કાપોને કુમતી
સ્થાપો સુ વિધા ધર્મ;
પાળે રાજા પ્રજા,
ધારે નીતી ધ્વજા;
ટાળે અન્યાય કર્મ,
શૌર્યતા વીરતા શાન્તિ સુધીરતા,
સર્વને મન દે વિભુ જનમને તું દયા.

समाप्त.

જાહેર ખબર.

સર્વે સદ્ગૃહસ્થોને નમ્રતાપૂર્વક અરજ કરૂં છુ કે **અમોને શ્રી નારાયણદેવ સ્તુતિગ્રંથ**માં નીચેના હોદ્દેદાર માણુસોએ મદદ કરીછે તેઓનાં મુબારક નામ,

હીઝ હાઇનેસ મહારાજા ધીરાજ પૃથ્વીસિંહજી સાહેબ વિજયનગર તથા રાવબહાદૂર ઇડરના દિવાનસાહેબ કેશવલાલભાઇ હીરાલાલભાઈ નેકનામ આમલીઆરાના ઠાકોરશ્રી જાલમસિંહજી અમરસિંહ રા૦ રા૦ મે૦ માધવલાલભાઇ વિરચંદભાઇ કારભારીસાહેબ વિજયનગર એઓની મદદથી **શ્રી નારાયણદેવ સ્તુતિ** આપ્યોછે.

અમારાં પુસ્તકો નીચે લખેલાં ઠેકાણેથી

કપડવંજ-કર્તા પાસેથી તથા મણીલાલ કેશ દેસાઇવાડો.

મુંબાઇ-કેશવલાલ છગનલાલ. દેશાઇ

ધોડાદર.-હરીલાલ છગનલાલ. ,,

નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

લી. આણંદજ